# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 29-03-2025 Day: Satureday Morning : 6.50 to 6.55**

આકાશવાણી ભુજ સમાચાર **આરતી ભટ** વાંચે છે.

---------------------------------------------------------------------------------

**પ્રધાનમંત્રી : મન કી બાત :**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પરથી પ્રસારિત થનારા ‘મન કી બાત’ માસિક રેડિયો કાર્યક્રમની આ 120મી કડી હશે. સોશિયલ મીડિયા પર એક સંદેશમાં શ્રી મોદીએ આ કાર્યક્રમ માટે મોટા પ્રમાણમાં સૂચનો મળતાં આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું , આ સૂચનો સામાજિક સુખાકારી માટે સામૂહિક પ્રયાસની શક્તિને દર્શાવે છે.

---------------------------------------------------------------------------------

**પ્રધાનમંત્રી - મ્યાનમાર ભુકંપ:**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે વહેલી સવારે મ્યાનમાર અને થાઇલેન્ડમાં આવેલા વિનાશક ભૂકંપ અંગે ચિંતા વ્યક્ત કરી.

તેમણે આ આફતથી પ્રભાવિત લોકોની સલામતી અને સુખાકારી માટે હૃદયપૂર્વક પ્રાર્થના કરી. તેમણે ખાતરી આપી કે ભારત આ મુશ્કેલ સમયમાં મ્યાનમાર અને થાઇલેન્ડની સરકારો અને લોકોને શક્ય તમામ સહાય પૂરી પાડવા માટે તૈયાર છે.

આ સંદર્ભમાં, અમારા અધિકારીઓને તૈયાર રહેવા જણાવ્યું છે."

---

## સાયબર શિક્ષણ એમઓયુ :

ભારત સરકારના ગૃહ મંત્રાલય હેઠળ રાષ્ટ્રીય મહત્વની સંસ્થા રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ( RRU)એ ભારતમાં સાયબર સુરક્ષા શિક્ષણ અને તાલીમને આગળ વધારવા માટે ડિજિટલ પેમેન્ટમાં વૈશ્વિક અગ્રણી વિઝા સાથે સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા છે. આ સીમાચિહ્નરૂપ ભાગીદારી વિદ્યાર્થીઓ , વ્યાવસાયિકો, સાયબર સિક્યોરિટી લીડર્સ અને કાયદા અમલીકરણ એજન્સીઓ (એલઇએ)ને ડિજિટલ છેતરપિંડી અને ઉભરતા સાયબર જોખમોનો સામનો કરવા માટે મહત્વપૂર્ણ કૌશલ્યોથી સજ્જ કરશે.

---

## કરદાતા-રજામાં પણ કામગીરી :

કરદાતાઓની સુવિધા માટે દેશભરમાઁ આવકવેરા વિભાગની કચેરીઓ 29 માર્ચ થી 31 માર્ચ સુધી કાર્યરત રહેશે. ગઈકાલે જારી કરાયેલા એક આદેશમાં, સેન્ટ્રલ બોર્ડ ઓફ ડારેકટર ટેક્સીસ એ જણાવ્યું હતું કે પડતર વિભાગીય કાર્ય પૂર્ણ કરવા માટે, દેશભરની તમામ આવકવેરા કચેરીઓ 29-30-31 માર્ચ 2025ના રોજ ખુલ્લી રહેશે. સીબીડીટી દ્વારા જારી કરાયેલા એક નોટીફીકેશન અનુસાર દેશભરમાં આવકવેરા વિભાગની ઓફીસો સપ્તાહના અંતે અને સોમવારે ઇદ-ઊલ-ફિત્ર હોવા છતાં ખુલ્લી રહેશે.

---

## રાજયસભા-પહેલી એપ્રીલ સુધી મોકુફ :

રાજયસભાને ગઇકાલે દિવસભર માટે સ્થગિત કરવામાં આવી છે. રાજ્યસભા હવે પેલી એપ્રિલે સવારે 11 વાગ્યે મળશે. ખાનગી સભ્યોની કાર્યવાહી અને ખાસ ઉલ્લેખ પૂર્ણ કર્યા પછી, અધ્યક્ષે બેઠકને દિવસભર માટે સ્થગિત કરી હતી. આ ઉપરાંત દિવસભરનું સુચિબધ્ધ કમકાજ પૂર્ણ થતાં લોકસભાની કાર્યવાહી પણ પેલી એપ્રિલ સવારના અગિયાર વાગ્યા સુધી મોકુફ રખાઇ હતી.

---

## એસ.ટી. નિગમ - ભાડામાં વધારો :

એસટી બસના ભાડામાં હવે 10 ટકા સુધીનો મોટો વધારો કરવામાં આવ્યો છે. જેના લીધે સામાન્ય માણસને આર્થિક અસર થશે. આ ભાવ વધારો ગઇ રાતથી લાગૂ થઈ ગયો છે. બસના ભાડામાં કરેલા વધારે પ્રમાણે 38 કિમી સુધીની મુસાફરી માંથી 1થી 4 રૂપિયા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. એસટી નિગમના આ નિર્ણયથી રાજ્યના 27 લાખ મુસાફરોને સીધી અસર થશે. ભાડા વધારાને પગલે નીગમની તમામ લોકલ, એકસપ્રેસ, ગુર્જરીનગરી, સ્લિપર તથા વોલ્વો બસના ભાડામાં વધારો કરાયો છે.

---

## હવામાન :

કચ્છ સહિત રાજયના તાપમાનમાં ૨ થી ૩ ડીગ્રી સેલ્સિયસનો થયો છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવના જણાવ્યા અનુસાર ઉત્તર ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે મહતમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે.

સમગ્ર કચ્છમાં દિનભર પવન ફુંકાવાની સાથે મહતમ તાપમાનમાં ઘટાડો થતાં ગરમીમાં રાહત થઇ હતી. આગામી પાંચ દિવસમાં પારો ક્રમશ: ઉપર ચડવાની સાથે તાપમાનમાં વધારો થશે તેવું પૂર્વાનુમાન વ્યકત કરવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------

**કચ્છની શક્કર ટેટી** :

ચાલુ વરસે અનુકુળ વાતાવરણને લીધે અબડાસા નખત્રાણા અને લખપતમાં ગુણવતા  અને સ્વાદમાં મીઠી ચોવાને લીધે તેમજ મબલખ પાક ઉતરતાં બાગાયતી  પેદાશોમાં પ્રગતિશીલ પેદાશી માલોની માર્કેટીંગમાઁ યોગ્ય ઉંચા ભાવ લેવાની કોઠાસુજથી ખેડૂતોને સારાભાવ મળી રહયા છે.

---------------------------------------------------------------------------